**ASIAN AMERICAN LEGAL DEFENSE AND EDUCATION FUND**
*99 HUDSON STREET, 12 FL • NEW YORK. NY 10013 • TEL 212.966.5932 • FAX 212.966.4303 • INFO@AALDEF.ORG*

# વસ્તિ ગણતરી 2010
# અંગે તમારે શું જાણવું જોઇએ

ઓગષ્ટ 2009

- દર 10 વર્ષે એક વખત કરવામાં આવતી હોવાથી, વસ્તિ ગણતરી એવી વિગતો પૂરી પાડે છે જે નીચેના સહિત, એશિયન અમેરિકન સમુદાયને અસરકર્તા ઘણી બધી વિવિધ નીતિઓને અમલમાં મુકવામાં વપરાય છે:

    - સામાજિક સેવાઓ જેવી કે ઇએસએલ (ESL) વર્ગો, નોકરીની તાલીમ અને દુભાષિયાની સેવાઓ, માટે રાજ્યો અને સમુદાયોને $300 બિલિયન ડોલર કરતા વધુ ફેડરલ ફંડની ફાળવણી;
    - શીક્ષણ, રોજગાર, આરોગ્ય સંભાળ, આવાસન, દેશાગમન, ધિરાણ, અને મત આપવાના હકોના કાયદાઓનો અમલ;
    - દ્વિભાષી મતપત્રની ઉપલબ્ધતા;
    - રાજ્યોને કોંગ્રેસની સિટોનું વિતરણ, અને જાતિ અને વંશીય લઘુમતિની રાજકીય રજૂઆતનું નિર્ધારણ.

- વસ્તિ ગણતરીમાં તમે પૂરી પાડેલી માહિતી સંપૂર્ણપણે ગુપ્ત રહે છે. કાયદા પ્રમાણે, તમારી અંગત માહિતી યુએસસીઆઇએસ (USCIS), આઇસીઆઇ (ICE), આઇઆરએસ (IRS), પોલીસ, મકાન માલિકો, કે પાડોશીઓને વહેંચવામાં આવી શકશે નહીં.
- 2010 દશવર્ષીય વસ્તિ ગણતરી પ્રશ્નાવલિ માત્ર થોડા સરળ પ્રશ્નો પૂછે છે – નામ, સંબંધ, લિંગ, ઉંમર અને જન્મ તારીખ, વંશ, અને તમારું ઘર પોતાનું છે કે ભાડે રાખેલું છે. પરંતુ અન્ય વસ્તિ ગણતરી પ્રશ્નાવલિઓ (અમેરિકન સમુદાય સર્વેક્ષણ) નાગરિકતા, આવક, વતન, અને અંગ્રેજીના કૌશલ્ય અંગે પૂછશે. વસ્તિ ગણતરી ઇમિગ્રેશન સ્થિતિ અંગે ક્યારેય પૂછશે નહીં.
- ફેબ્રુઆરી અને માર્ચ 2010ની વચ્ચે, તમને મેઇલ દ્વારા વસ્તિ ગણતરી પ્રશ્નાવલિ મળવી જોઇએ. શક્ય તેટલી ચોકસાઇથી તેને ભરવી, અને મેઇલથી તેને પરત કરવી. પોસ્ટેજ પહેલેથી ચુકવાયેલ છે. જો તમને પ્રશ્નાવલિ ન મળે, તો તમે ઘણા બધા સમુદાય સ્થળોએથી ''બી કાઉન્ટેડ'' ફોર્મ લઇ શકો છો.
- એપ્રિલ અને જુલાઇ 2010 વચ્ચે, વસ્તિ ગણતરી કરનારાઓ (''એન્યુમેરેટર્સ'') તમારા પાડોશમાં ઘરના લોકો માટે ઘરે ઘરે આવશે. આ પ્રક્રિયા નીચે પ્રમાણે કરાશે:

    - પ્રથમ, વસતિ ગણતરી કરનારાઓ મેઇલ દ્વારા જેમણે વસ્તિ ગણતરી ફોર્મ પરત કર્યા નથી તેમના ઘરોની મુલાકાત લેશે. જો તેઓને ઘરના કોઇપણ વ્યક્તિઓની માહિતી નહી મળી શકે, તો તેઓ પાડોશીઓના ઘરોની મુલાકાત લેશે.
    - બીજું, વસ્તિ ગણતરી કરનારાઓ જેમણે ફોર્મ સાચી રીતે ભરીને પરત કર્યા હતા તેની ખાતરી કરવા તેમના ઘરોની મુલાકાત લેશે.
    - ત્રીજું, વસ્તિ ગણતરી કરનારાઓ જેમણે નજદીકના સ્થળેથી ''બી કાઉન્ટેડ'' ફોર્મ લઇને ભર્યું હતું તેવા વ્યક્તિગતોએ પૂરી પાડેલી માહિતીની ચકાસણી કરશે.

- વસ્તિ ગણતરી કરનારાઓ ઘરની એક કરતા વધુ વખત મુલાકાત લઇ શકશે. તેમને સહકાર આપી તેમના પ્રશ્નોના જવાબ આપવા વિનંતી. આ ચોકસાઇથી ગણાય તેની ખાતરી કરવા માટે છે.
- જો તમે અંગ્રેજી સમજતા ના હોય, તો પણ તમારી ગણતરી કરી શકાશે!
  - ટેલિફોન પ્રશ્નાવલિ સહાય (TQA) કેન્દ્રને કોલ કરો, જે ફેબ્રુઆરી 25, 2010 થી જુલાઇ 30, 2010 સુધી ખુલ્લી રહેશે. ફોન નંબર 1-866-872-6868 છે. તેઓની પાસે તમારી ભાષામાં બોલનારી વ્યક્તિઓ છે.
    - તમે ટેલિફોન પર ફોર્મ ભરી શકો છો અને વસ્તિ ગણતરીના પ્રતિનિધિ તમારા કોઇપણ વધારાના પ્રશ્નોના જવાબ આપી શકે છે.
    - તમે ચાઇનીઝ, કોરિયન, વિયેટનામીઝ, સ્પેનીશ, કે રશિયન ભાષામાં પ્રશ્નાવલિની એક પેપર નકલ માટે પણ વિનંતી કરી શકો છો.
    - અંતે, જો તમને ઉપરોક્ત યાદીબદ્ધ કરેલ ભાષાઓ સિવાયની ભાષામાં સહાય જોઇતી હોય, તો તમે ભાષા સહાય માર્ગદર્શિકા માટે પણ પૂછી શકો છો.
  - તમારી સ્થાનિક વસ્તિ ગણતરીની કચેરીમાં કોલ કરો અને તમારા ઘરે આવીને તમારી ભાષામાં બોલતા વસ્તિ ગણતરી કરનારા માટે પૂછો. આ ટેલિફોન નંબરો ઉપલબ્ધ થાય તેમ તરત જ પૂરાં પાડવામાં આવશે.
- જો તમને ખાતરી ના હોય કે તમારા ઘરની મુલાકાત લેનાર વ્યક્તિ એ વસ્તિ ગણતરી કરનાર વ્યક્તિ નથી, તો પછી
  - તેને/તેણીને ''વસતિ એન્યુમેરેટર'' બેજ બતાવવા કહો, જે ફેડરલ ગવર્નમેન્ટ દ્વારા ઇશ્યુ કરાયેલ છે. વસતિ ગણતરી કરનારાઓ તેમની સાથે મોટા અક્ષરોમાં પ્રિન્ટ કરેલ ''વસતિ ગણતરી 2010'' નામ સાથેની કાળી બેગ લઇને પણ આવી શકે.
  - જો તમને હજુ પણ શંકા હોય, તો તમે તમારા પ્રાદેશિક વસ્તિ ગણતરી કેન્દ્રમાં કોલ કરીને વ્યક્તિની ખાતરી કરી શકો છો કે તે યુ.એસ. સેન્સસ બ્યુરો દ્વારા નિયુક્ત છે.
- જો કોઇપણ વસ્તિ ગણતરી કરનારા અયોગ્ય રીતે વર્તણૂક કરે અથવા તમારી વ્યક્તિગત માહિતી જાહેર કરે, તો 212-966-5932 પર તાત્કાલિક એએએલડીઇએફ (AALDEF) ને કોલ કરવો. એએએલડીઇએફ એ જુદા જુદા રાજ્યોમાં સેન્સસ બ્યુરોની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખે છે. અમે કોઇપણ અયોગ્ય આચરણ કે અંગત માહિતીની વહેંચણીની ઘટનાનો રિપોર્ટ કરીશું. એએએલડીઇએફ ના વકીલો પણ તમારી ગુપ્ત માહિતીનું, ખાસ કરીને તમારી પાસે ઇમિગ્રેશન પેપર ના હોય તો પણ, રક્ષણ કરશે.

**આટલિ બધી વસ્તુઓનો આધાર હોવાથી, એશિયન અમેરિકન સમુદાયની ચોક્કસાઇથી ગણતરી કરવી એ મહત્વનું છે! વસ્તિ ગણત્રીમાં અવશ્ય ભાગ લો.**

વધુ માહિતી માટે સંપર્ક કરો:
એશિયન અમેરિકન લીગલ ડિફેન્સ એન્ડ એજ્યુકેશન ફંડ (AALDEF)
99 હડસન સ્ટ્રીટ, 12મો માળ. ન્યૂ યોર્ક NY 10013
800.966.5946. info@aaldef.org. www.aaldef.org

© 2009 AALDEF – Census Fact Sheet – Gujarati